
## વડીલોને વંદન અભિનંદન


સુમનબેન ગોવિંદલાલ શાહ (૧૯૪૦)ફોનઃ ૨૩૨૨૩૧૫૬


ભરતસિંહ એમ. વાઘેલા (૧૯૪૩)મો.૯૪૨૭૩૧૧૭૯૮


રણછોડભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (૧૯૪૦)ફોનઃ ૨૩૨૧૦૫૭૧

# શહેરમાં છ હજાર મકાનોમાં શૌચાલયોની સુવિધા નથી !!!

## સોમવારે સ્થાયી સમિતિની બેઠકમાં સ્વચ્છતા અભિયાન અંગે ખાસ ચર્ચા થશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં છ હજાર મકાનો આજે પણ શૌચાલયની સુવિધા ધરાવતા નથી. આ મકાનોમાં આ સુવિધા ઉપલબ્ધ બને તે દિશામાં કાર્યવાહી કરવા સરકારે મનપા સત્તાવાળાઓને લક્ષ્યાંક ફાળવી આગળ વધવા જણાવ્યું છે. દરમિયાન મહાનગર પાલિકાએ પણ આ બાબતને ગંભીરતાથી લીધી છે અને સોમવારે સ્ટેન્ડીંગ કમિટીની ખાસ બેઠક બોલાવી આ દિશામાં આગળ વધવાનો નિર્ણય કર્યો છે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળનારી ખાસ બેઠકમાં શહેરી શૌચાલય નિર્માણ યોજના અંગે બનેલી પેનલોમાંથી એજન્સીની નિમણુંક કરવા સહિતના મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થનાર છે.

મળતી વિગતો પ્રમાણે સાંસદ શ્રી એલ.કે. એડવાણીની ગ્રાન્ટમાંથી સ્વચ્છતા માટે ફાળવવામાં આવેલ રૂ.૮ લાખના ખર્ચે ડસ્ટબીનો જાહેર સ્થળોએ મુકવા માટેનું આયોજન પણ આ બેઠકમાં ચર્ચા માટે રજુ થશે.

સોમવારે બપોરે ૧૨ વાગે નવનિયુકત કમિશનરની હાજરીમાં મળનારી આ બેઠકમાં વિકાસના કામો અંગે પણ ચર્ચાઓ કરવામાં આવે તેવી શકયતાઓ છે.



વાર્ષિકોત્સવ - ગાંધીનગર શહેરમાં હમણાં શાળા-મહાશાળાનો વાર્ષિકોત્સવ અને સ્પોર્ટસ મીટનો માહોલ જામ્યો છે... તાજેતરમાં પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫નો વાર્ષિકોત્સવ ગાંધીનગર ટાઉન હોલ ખાતે યોજાઈ ગયો. પ્રેરણા વિદ્યાલયના રંગોત્સવ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. (તસવીર : દિપક જાની)

# સેકટરોમાં ૪ માર્ચના રોજ ઓછા પ્રેશરથી પાણી આવશે

## નભોઈ હેડ વર્કસની રીપેરીંગ કામગીરીના લીધે મર્યાદિત સમય પૂરતો જ સપ્લાય અપાશે

ગાંધીનગર, તા.૧

શહેરમાં આગામી તા. ૪ માર્ચના રોજ ઓછા પ્રેશરથી પાણી સપ્લાય થશે જયારે પાણી પુરવઠો ઓછા પ્રેશરથી તેમજ મર્યાદિત સમય પૂરતો જ આપવામાં આવશે. નભોઈ હેડ વર્કસ ખાતે જીઈબીની રીપેરીંગ કામગીરીને અનુલક્ષી પાણીના સપ્લાયમાં કાપ મુકવામાં આવશે.

શહેરના તમામ સેકટરોમાં હાલ સવારના સમયે પાણીનો કોમન સપ્લાય આપવામાં આવે છે. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ થયા બાદ નગરના જૂના સેકટરમાં પણ સવારે કોમન સપ્લાય આપવામાં આવે છે. નવી વિતરણ વ્યવસ્થાના સમય બાદ સેકટરોમાં ફોર્સથી પાણી અપાતું હોવાનો દાવો પણ તંત્રએ કર્યો છે. જયારે ગરમીના દિવસો પૂર્વે નભોઈ હેડ વર્કસ ખાતે જીઈબી દ્વારા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી પાણીના પ્રેશર અને સપ્લાયના સમયમાં કાપ આવશે જેના પરિણામે તા. ૪ માર્ચના રોજ સે-૧ થી ૩૦માં ઓછા પ્રેશરથી પાણી આવશે. આ દરમિયાન પાણી સપ્લાયના સમયમાં પણ ઘટાડો થશે. તા. ૩ માર્ચના રોજ રીપેરીંગ હાથ ધરવાનું હોવાથી સંપમાં પાણી ઓછું સપ્લાય થશે જેથી તંત્ર દ્વારા પાણીની સમસ્યાને ડામવા ઉપલબ્ધ પુરવઠા ઉપરાંત બોરમાંથી સપ્લાય આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૪ માર્ચના રોજ પાણી સપ્લાયમાં જરુરી ફેરફાર અંગે નગરજનોને નોંધ લેવા પાટનગર યોજના વિભાગ નં.૩ના કાર્યપાલક ઈજનેરે જણાવ્યું છે.

# માર્ચથી રાજયની ત્રણ પોસ્ટ ઓફિસમાં કોર બેંકિંગનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧

રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકોની પ્રતિસ્પર્ધામાં રોકાણકારોને શ્રેષ્ઠ બચત યોજનાઓ અને વળતર આપતી પોસ્ટ ઓફિસ પાછી ન પડી જાય તે માટે હાથ ધરાયેલા કોર બેંકીંગ સિસ્ટમનો પ્રારંભ ગુજરાતમાં ટુંક સમયમાં થશે.

આગામી ૧૦મી માર્ચથી અમદાવાદની નવરંગપુરા બ્રાન્ચનું સૌ પ્રથમ ડેટા માઈગ્રેશન હાથ ધરાશે. તે પછી ૧૮મી માર્ચે રેવડી બજાર પોસ્ટ ઓફિસ અને ત્યારબાદ મહેસાણા હેડ ઓફિસમાં આવેલા ખાતેદારોના ડેટા માઈગ્રેટ કરવામાં આવશે પોસ્ટ ઓફિસમાં કોર બેંકિંગ સિસ્ટમ (સીબીએમ)ના આગમનની સાથે પોસ્ટ ઓફિસના ખાતેદારો પણ બેંકની માફક જ પોસ્ટ ઓફિસના ખાતામાંથી ઓનલાઈ પેમેન્ટ, ઈન્ટરનેટ અને મોબાઈલ બેંકિંગ તેમજ એટીએમની સુવિધા પણ મેળવી શકશે. ગણતરીના વર્ષોમાં કોર બેંકિંગ સિસ્ટમ દ્વારા દેશ આખાની પોસ્ટ ઓફિસ વચ્ચે નેટવર્ક ગુંથાઈ જશે અને ખાતેદાર સીબીએસની સુવિધા ધરાવતી કોઈ પણ પોસ્ટ ઓફિસમાંથી પૈસા જમા કે ઉપાડી શકશે. સીબીએસ અંતર્ગત દેશભરમાં પોસ્ટ ઓફિસમાં ૧૦૦૦ જેટલા એટીએમ ખોલવામાં આવશે. આ ઉપરાંત મન્થલી ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ જેવી બચત યોજનામાં રોકાણ પણ ઓનલાઈન પ્રોસેસથી વધુ સરળ બની જશે.

ધીરે ધીરે પોસ્ટ ઓફિસના તમામ ખાતેદારોની વિગતો ડેટા માઈગ્રેશનની પ્રક્રિયા થકી એક સેન્ટ્રલ સર્વર પર રજિસ્ટર કરાતા ગણતરીના વર્ષોમાં દેશના કઈ પણ ખૂણેથી પોસ્ટ ઓફિસ એકાઉન્ટમાં પૈસા ઉપાડવા કે જમા કરાવવા બેંકો જેટલા જ આસાન થઈ જશે. ખાતેદારોને બેંકની જેમ જ એટીએમ, ડેબીટ અને ક્રેડીટ કાર્ડ આપવામાં આવશે.

# સેકટરોના એપ્રોચ માર્ગો પર બમ્પ બનાવવાનું કામ શરૂ

## સેક્ટરોમાં જરુરી ઠેકાણે બમ્પ બનાવવા અગાઉ સર્વે હાથ ધરાયો હતો

ગાંધીનગર, તા.૧

શહેરમાં માર્ગ સલામતીને જોખમમાં મૂકતા પરિબળોને ડામવા તંત્ર દ્વારા અગાઉ સર્વ હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સેકટરોના એપ્રોચ સહીત જરુરી સ્થળોએ તંત્ર દ્વારા બમ્પ બનાવવાનું કામ હાથ ધરાયું છે.

શહેરના રોડ નેટવર્કને ચકાચક બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે જયારે ચકાચક રોડ નેટવર્ક પર બેફામ ગતિએ દોડતા વાહનોને લઈ ગતિ નિયંત્રણની વાત સરંતર વિસરાઈ ગઈ છે. આવા સંજોગોમાં માર્ગ સલામતીના મામલે વધુ જોખમી સ્થિતિ સર્જાઈ છે. શહેરની ભૌગોલિક સ્થિતિ પણ અટપટી હોવાથી મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર સ્થિત ક્રોસ રસ્તાઓ અકસ્માત માટે વધુ જવાબદાર બન્યા છે. સેકટરોના એપ્રોચ માર્ગ પરથી મુખ્ય માર્ગો પરની એન્ટ્રી પાસે અકસ્માતો વધુ થતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આવા સંજોગોમાં મુખ્યમાર્ગો પરના ક્રોસ બંધ કરવા પણ અગાઉ વિચારણા હાથ ધરવામાં આવી હતી. પરંતુ આ મામલે કોઈ આયોજન ન થતા સ્થિતિ યથાવત છે. બીજી તરફ તંત્ર દ્વારા શહેરના રોડ નેટવર્કને અનુલક્ષી અગાઉ જરુરી ઠેકણે બમ્પ બનાવવા સર્વે હાથ ધરાયો હતો. ત્યારબાદ વિશિષ્ટ પ્રકારના બમ્પનું નિર્માણ કરવા આખરી આયોજન કરી ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. જેના અંતે હાલ સેકટરોના એપ્રોચ માર્ગ સહીતના જરુરી ઠેકાણે બમ્પ નિર્માણનું કામ શરુ કરી દેવાયું છે.

# જાણીતા કટાર લેખકે વિદ્યાર્થીઓને આગવી શૈલીમાં સંબોધન જ્ઞાન પિરસ્યું

ગાંધીનગર, તા.૧

શહેરના જાણીતા કટાર લેખકે આગવી ઢબથી અલગ અલગ વિષય પર પોતાના વિચારો વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કરી યોગ્ય માર્ગદર્શન પુરું પાડયું હતું. નગરમાં વસતા અને દિવ્ય ભાસ્કર દૈનિક પેપરના કટાર લેખક મનોજ શુકલએ ગત ફેબ્રુઆરી માસમાં ત્રણ અલગ અલગ સ્થળે વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. જેમાં ગઈ તા. ૧૦ના રોજ શહેરની સે-૭ સ્થિત ચૌધરી કોલેજ ખાતે સદીના મહાન વિભૂતી મનુભાઈ પંચોળી ‘દર્શકના દર્શન’ વિશે. તા.૧૪ના રોજ મોડાસાની એસ.પી. સાયન્સ કોલેજના વાર્ષિકોત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓને જીવનમાં સાહિત્યનો પરિચય અને તા. ૨૨ના રોજ શહેરની અશ્વિનભાઈ કોમર્સ કોલેજ ખાતે શબ્દ પાસે કેવી રીતે જવાય વિષય પર મૌલિક વિચારોવાળું વકતવ્ય રજુ કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન મનોજ શુકલને વિદ્યાર્થીઓએ શાંતિથી સાંભળ્યા હતા અને વિચારોની આપ લે કરી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ વિષયનું માર્ગદર્શન પણ નિષ્ણાત પાસેથી મેળવી અનુભવનો વધારો કર્યો હતો.



# બ્રહ્માકુમારીઝે વિશ્વનો સૌથી મોટો પતંગ ચગાવી પરમાત્મ અવતરણનો સંદેશ અપાયો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ૧૩૭ દેશોમાં કાર્યરત ૯૦૦૦ સેવા કેન્દ્રો દ્વારા મહા શિવરાત્રીના પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. બેલગામ ખાતેના બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા વિશ્વનો સૌથી મોટો પતંગ ચગાવી પરમાત્મ અવતરણનો સંદેશ અપાયો હતો. બેલગામ સેવા કેન્દ્ર દ્વારા ૨૦૩ ફૂટ ઊંચો, ૭૩ ફૂટ પહોળો અને ૧૫૦ કિલો વજનનો વિશ્વનો સૌથી મોટો પતંગ ચગાવવામાં આવ્યો હતો. આ પતંગ દ્વારા બ્રહ્માકુમારીઝે પરમાત્મ અવતરણનો સંદેશ આપ્યો હતો. વર્લ્ડ એમેઝીંગ રેકોર્ડસમાં આ પતંગને સામેલ કરી વિશ્વ કિર્તિમાન સ્થાપવા માટે આયોજકોને પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરાયા હતા. આ ઉપરાંત લીમ્કા બુક ઓફ રેકોર્ડસ, રેકોર્ડ હોલ્ડર રિપબ્લીક, એશિયા બુક ઓફ રેકોર્ડસ, એવરેસ્ટ બુક ઓફ રેકોર્ડસ અને યુનિક વર્લ્ડ રેકોર્ડસમાં પણ જલ્દીથી સમાવેશ કરાશે તેવી માહિતી બ્રહ્માકુમારીઝના સંચાલકોએ આપી હતી.

# ગાંધીનગર જિલ્લા-તાલુકા સહકારી સંઘના ચેરમેનોની વરણી

ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણસંઘ અને ગાંધીનગર તાલુકા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના બોર્ડ ઓફ ડીરેકટરોની ચૂંટણી તાજેતરમાં પ્રાંત અધિકારીની હાજરીમાં યોજાઈ હતી. બાદ ચૂંટાયેલા ડીરેકટરમાંથી જિલ્લા અને તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેનોની વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણસંઘની બોર્ડ ઓફ ડીરેકટર્સની ચૂંટણી ગાંધીનગર પ્રાંત અધિકારીના હસ્તે ગત ૨૬મી ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર તાલુકામાં લાલભાઈ પટેલ, કોદરભાઈ પટેલ, સિકભાઈ પટેલ, નિતિનભાઈ પટેલ, યુવરાજસિંહ રાણા તથા માણસા તાલુકામાં પંકજ પટેલ, બેચરભાઈ ચૌધરી, કાંતિભાઈ પટેલ તથા કલોલ તાલુકામાં ભકિતભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, મનુભાઈ પટેલ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. જયારે દહેગામ તાલુકામાં ભાવેશભાઈ પટેલ રાજેન્દ્રકુમાર શાહ અનેપ્રકાશભાઈ પટેલની પેનલનો વિજય થયો હતો. બાદમાં જિલ્લાના ચેરમેનની વરણી કરવામાં આવી હતી. જેમાં લાલભાઈ પટેલને બિન હરિફ ચેરમેન તરીકે જાહેર કરવામાં આવ્યા હતાં જયારે વાઈસ ચેરમેન તરીકે ભાવેશભાઈ પટેલ, માનદમંત્રી તરીકે પંકજભાઈ પટેલ, આંતરિક ઓડીટર તરીકે ભકિતભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ઉપરાંત કૃભકો ડિરેકટર પરેશભાઈ પટેલનો કોઓ. ડીરેકટર તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના ચેરમેન તરીકે અડાલજના સુરેશભાઈ વી. પટેલ, વાઈસ ચેરમેન તરીકે નિરંજનકુમાર બિહોલા માનદ મંત્રી તરીકે બળદેવભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# ન્યાયિક પ્રક્રિયાને સક્ષમ બનાવવા ગુણાત્મક સુધારાની જરૂર : મોદી

## કોર્ટમાં આવતા બધા કેસોના ઓનલાઈન એનાલિસીસ કરવાની જરૂરિયાત ઉપર ભાર : યોગ્ય સમાજના નિર્માણ માટે ન્યાયમાં માનવીનો વિશ્વાસ જરૂરી

ગાંધીનગર,તા.૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સ્વર્ણિમ જયંતિ ઉજવણીના સમાપન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ન્યાયપ્રણાલીમાં ગૂણાત્મક સુધારાના પ્રેરક સૂચનો કર્યા હતા. તંદુરસ્ત સમાજના નિર્માણ માટે ન્યાયમાં સામાન્ય માનવીનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે ન્યાયપ્રક્રિયા વધુ સક્ષમ બની શકે એવી પૂરી સંભાવનાનો નિર્દેશ તેમણે કર્યો હતો. સને ૧૯૬૧માં રચાયેલી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ૫૦ વર્ષની યશસ્વી વિકાસયાત્રા સંપન્ન થઈ છે. આજે મહાત્મા મંદિર ગાંધીનગરમાં બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાનો સ્વર્ણિમ જયંતિ સમાપન સમારંભ શરૂ થયો છે જે આવતીકાલે પણ યોજાશે. ભારતની સર્વોચ્ચ ન્યાયપાલિકાના માનનીય ન્યાયધીશો, મહારાષ્ટ્ર-ગોવા અને ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયતંત્રના કાયદા-કાનૂન ક્ષેત્રના પદાધિકારીઓ તથા બાર કાઉન્સિલોના પદાધિકારીઓ અને વ્યવસાયી વકીલો વિશાળ સંખ્યામાં આ




સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ કે.એસ.પી. રાધાક્રિષ્ણને આ સમારોહનું ઉદઘાટન કર્યું હતું. ભારતના સામાન્ય માનવીની આશા અપેક્ષા ન્યાયપાલિકા અને ન્યાયપ્રણાલીમાં છે તેનો નિર્દેશ કરી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે અદાલતોમાં વિવાદી કેસોનો ભરાવો અને ન્યાયમાં વિલંબના અનેક નાના-મોટા પાસાં છે અને તેના કારણે ન્યાયવ્યવસ્થા ઉપર ખૂબ મોટી અસર પડે છે. આથી ન્યાયપ્રણાલીમાં આ બાબતોમાં ગુણાત્મક સુધારા કરી શકાય તો આપણી ન્યાયપ્રણાલી ઉપરનો વિશ્વાસ ટકી ના રહે એવું કોઈ કારણ નથી. સમાજના છેવાડાની વ્યક્તિને ન્યાય મળે, તેના અદિકારો અને સુખ-સુવિધાની જીંદગી મળે તે વાતાવરણ ઉભું થવું જોઈએ અને ગાંધીજીએ આ માટે જે માર્ગ બતાવ્યો છે તે આજે પણ પ્રસ્તુત છે. ટેકનોલોજીના આ યુગમાં ન્યાયપ્રણાલીની ગુણવત્તા સુધારવામાં ડિજિટલ ઓનલાઈનનું નેટવર્ક ખૂબ જ સક્ષમ માધ્યમ છે. ગુજરાત સરકારે તમામ બાર કાઉન્સીલોમાં તાલુકા કક્ષા ઈ-લાયબ્રેરીની સુવિધા વકીલો માટે ઉભી કરી દીધી છે. જો સ્ટેટ ગવર્નન્સ પોલીસી ડ્રિવન હોય (નીતિ આધારિત) તો મોટાભાગના સરકારી વિવાદના કેસોનું ભારણ ઘટી જશે એમ ભારપૂર્વક જણાવતાં મુખ્યમંત્રીએ ફોરેન્સીક સાયન્સ અને ટેકલોનોજીનો પ્રભાવ જીવનના અનેક ક્ષેત્રો ઉપર છે ત્યારે આર્થિક ગુનાઓ અને સીબર ક્રાઈમ નિવારણ માટે ન્યાયપ્રક્રિયા ઉપર ટેકનોલોજીનો મહત્તમ વિનિયોગ કરવો જોઈએ. ગુજારતના મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે ન્યાયના દરવાજે આવતા તમામ કેસોનું ઓનલાઈન સોશ્યલ એનાલીસીસ યુનિવર્સિટીઓ દ્વારા અને સોશ્યલ રિસર્ચસનો સમન્વય કરીને થવું જોઈએ જેથી કયા ક્ષેત્રમાં કયા વિવાદી કેસોનો કેટલો પ્રભાવ છે તેની જાણકારી મળી શકશે તો સમાજની માનસિકતાને બદલવામાં પણ ઉપકારક બનશે.

## શબ્દાવલી - ૫૩૨૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ૩ | ■ | ૪ | ■ | ૫ |
| | ■ | ૬ | ■ | ૭ | ■ | ■ | |
| ૮ | ૯ | ■ | ૧૦ | | ■ | ૧૧ | ■ |
| ■ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | | ૧૬ |
| ૧૭ | | | ■ | ■ | ૧૮ | | |
| ■ | ૧૯ | | ૨૦ | | ■ | ■ | |
| ૨૧ | ■ | ૨૨ | | ■ | ૨૩ | ૨૪ | |
| ૨૫ | | ■ | ■ | ૨૬ | | | ■ |

### આડી ચાવી

૧. આરોપ (૪)
૪. મુખ, ચહેરો (૩)
૬. ઝંડો, ભારતનો રાષ્ટ્રધ્વજ (૩)
૮. રોજ, હંમેશ, નિત્ય (૨)
૧૦. ભીમનું શસ્ત્ર (૨)
૧૨. રબારીનો વાસ (૨)
૧૪. વિચારભેદ (૪)
૧૭. નાશવંત (૩)
૧૮. ડગલું, પગલું (૩)
૧૯. ફોનનું માઉથપીસ (૪)
૨૨. યુક્તિ, કળ (૨)
૨૩. મંત્રી, ગામડામાં મહેસૂલ સંબંધી કામ કરનાર કર્મચારી(૩)
૨૫. નથણી, ચુક (૨)
૨૬. ખુબ, અતિશય (૩)

### ઊભી ચાવી

૧. અંધારું (૩)
૨. બુદ્ધિ (૨)
૩. પાણીની લહેર, મોજુ (૩)
૫. આંગળીથી ... વેગળા (૨)
૭. વખાર (૩)
૯. દાની, દાન કરનાર (૪)
૧૧. ભેદ વગરનું, ભેદીના શકાય તેવું (૩)
૧૩. દિવેલ જેવું તેલ, સરસો(૪)
૧૫. મોકો (૨)
૧૬. ધમકી, લુખ્ખી (૪)
૨૦. કોઇકના બદલે (૨)
૨૧. કોઇકના બદલે (૨)
૨૩. જંગલ, વગડો (૨)
૨૪. મોકો, તક (૨)

### શબ્દાવલી ૫૩૨૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) સેતુ (૩) નીખાલસ (૬) વખાર (૮) તારાજ (૧૦) હજ (૧૩) અછોવાના (૧૫) વાજબી (૧૮) ડોડા (૨૦) ડણક (૨૧) બંદર (૨૨) વ્યાધી (૨૩) વાહ (૨૪) દાસ (૨૫) કાન

**ઊભી ચાવી :-** (૨) તુવળ (૩) નીર (૪) લતા (૫) સરાહના (૬) ખાતુ (૯) જજ (૧૦) ભજવાડ (૧૧) અછોડો (૧૪) વાડાબંધી (૧૬) જણ (૧૭) બીકણ (૧૯) ફરમાન (૨૨) વ્યાસ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૯૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટયૂકડી જાહેર ખબર
વેચવાનો છે
પરિમલ એપાર્ટમેન્ટ, સેક્ટર-૭માં સારી લોકેશનમાં ફ્લેટ વેચવાનો છે. ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ છે.
સંપર્ક કરો
મો. ૮૮૬૬૬૮૦૫૫૫
: લેન્ડલાઈન :
૦૭૯-૨૩૨૪૬૯૩૪

તાત્કાલિક જોઈએ છે
હોસ્પિટલ માટે રીસેપ્શનીસ્ટ, સીસ્ટર તથા આયાબેન
બપોરે ૧૨ થી ૧ સુધીમાં નીચેના સરનામે મળો
(પગાર લાયકાત તથા અનુભવ અનુસાર)
ડૉ. ઉર્વી ડી. મહેતાની હોસ્પિટલ ‘શ્રેયસ’, પ્લોટ નં. ૧૩૨૬/૨, સેક્ટર-૭ડી, ગાંધીનગર

ગોપી સર્જીકલ
એક માત્ર વ્યાજબી ભાવની દુકાન
હવે અમદાવાદ જવાની જરૂર નથી તદ્દન વ્યાજબી ભાવે સર્જીકલને લગતી તમામ આઈટમ નીચેના સરનામે મળશે.
કાનના ઈમ્પો.મશીન, બી.પી.ના OMRON મશીન, ડાયાબીટીશ માટેના OMRON, Johans & Johansમશીન, સંડાસ માટેની ખુરશી, સ્ટુલો, વોકરો, વૃદ્ધ થઈ ગયેલ વ્યક્તિઓ માટે સ્ટીક (લાકડી), શેક માટે રબર બેગ, ફ્રેકચર માટેના ગળા, કેડ, હાથ, પગના ઈલા.બેલ્ટ,
હોસ્પી.પલંગ,વ્હીલ ચેર ભાડે તથા વેચાણ મળશે.
બોડી માટેના મસાજર મશીનો, સ્કેલ (વજન) કાંટાઓ, કીચન સ્કેલ મળશે.
૫/બી, શાલીન કોમ્પલેક્ષ, સેકટર -૨૨, ગાંધીનગર
ફોનનં: ૯૮૨૪૬ ૬૯૫૫૫

